RESEARCH REVIEW JOURNALS
Volume-04
Issue-10
October-2019

ISSN: 2455-3085 (Online)
RESEARCH REVIEW International Journal of Multidisciplinary
www.rrjournals.com[Peer Reviewed Journal]

# મહાભારત અને કિરાતાર્જુનીયમ્ માં આવતાં કિરાતપ્રસંગ વચ્ચે વૈષમ્ય ’- એક અધ્યયન

મહેશભાઇ કાળુભાઇ ઝિંઝુવાડીયા

શોધછાત્ર, સંસ્કૃત, ભાષાભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ

વેદવ્યાસ રચિત મહાભારતમાં આવતો કિરાતપ્રસંગ અ ધ્યાય 27 થી માંડીને 43માં વર્ણિત કરાયેલ છે. ભારવિરચિત મહાકાવ્ય કિરાતાર્જુનીયમ્ માં કુલ સ ર્ગો 18માં કિરાત પ્રસંગ આવેલો છે. આમ, સાહિત્યના આ બન્ને ગ્રંથોમાં કિરાતપ્રસંગની વિસ્તૃત ચર્ચા થયેલ છે . હવે આપણે બન્ને માં રહેલા વૈષમ્ય અંગે વિસ્તૃત ચર્ચા કરીએ.

## ❖ મહાભારત અને કિરાતાર્જુનીયમ્ માં આવતાં કિરાતપ્રસંગ વચ્ચેનો ભેદ

1. મહાભારતમાં દ્રૌપદી દુઃખ અને શોકથી જ યુધિષ્ઠિર સાથે ઉગ્ર ચર્ચા કરીને દુર્યોધન સાથે યુદ્ધ કરવાનું જણાવે છે.

   કિરાતાર્જુનીયમ્ માં યુધિષ્ઠિરનો ગુપ્તચર ‘વનેચર’ દુર્યોધનનાં શા સનનો વૃત્તાંત જણાવે છે. પછી તે સાંભળી દ્રોપદી અને ભીમ ઉશ્કેરાઈને યુદ્ધ કરવા યુધિષ્ઠિરને જણાવે છે.

2. મહાભારતમાં કિરાતપ્રસંગમાં દ્રૌપદીનાં ક્રોધ માટેનું સ્પષ્ટ કારણ આપણે મળતું નથી.

   કિરાતાર્જુનીયમાં વનેચ રનાં વૃત્તાંતને લક્ષમાં લઈને એજ સ્પષ્ટ કરવાથી દ્રૌપદી ક્રોધે ભરાયે છે.

3. મહાભારતમાં દ્રૌપદી પોતાની વાતને સ્પષ્ટ કરવા માટે બલિ અને પ્રહલાદનો પૌરાણિક સંવાદ રજૂ કરે છે અને કિરાતાર્જુનીયમ્ માં આ પ્રકારનાં સંવાદની વાત આપણને જોવા મળતી નથી.

4. મહાભારતમાં કિરાતપ્રસંગમાં ભીમનું પાત્ર અધરું જ્યારે દ્રૌપદી ઘણું કરીને કર્કશા, પિષ્ટપેષણ સ્વભાવની આપણને જણાય છે. કિરાતાર્જુનીયમ્ માં ભીમનું પાત્ર પંડિત, નીતિજ્ઞ તથા દ્રૌપદીનું પાત્ર શિષ્ટ, દુઃખ નાં અ તિવેગથી વ્યાકૂળ, પ્રતિશોધની ભાવનાવાળું લાગે છે. આમ , બન્નેમાં ભીમના પાત્રમાં રહેલી ભિન્નતા પ્રગટ થાય છે.

5. મહાભારતમાં વ્યાસમુનિ પ્રથમ યુધિષ્ઠિરને ત્યારબાદ યુધિષ્ઠિર અર્જુનને પ્રતિસ્મૃતિ વિદ્યામંત્ર આપે છે.

   કિરાતાર્જુનીયમ્ માં વ્યા સમુનિ સીધી અર્જુનને જ પ્રતિસ્મૃતિ વિદ્યા (મંત્ર) આપે છે. આમ બન્નેમાં વિદ્યામંત્ર અર્જુનને અલગ અલગ રીતે પ્રાપ્ત થાય છે. આમ, બન્નેમાં વિદ્યામંત્ર તે ભિન્નતા આપણને સ્પષ્ટ દેખાય છે.

6. મહાભારતમાં જ્યારે અર્જુન ઈન્દ્રકીલ પર્વત પર ગમન કરતો હતો ત્યારે આક્રમક અને તેજસ્વી એવા તેના માર્ગમાંથી બધા પ્રાણીઓ હટી ગયાં.

   કિરાતાર્જુનીયમ્ માં વ્યાસની સૂચના અનુસાર એક પક્ષ અર્જુનને ઈન્દ્રકીલ ઉપર લઈ જાય છે. આ યોજના કવિ એ માર્ગમાં આવતા સ્થળ હિમાલયનું તથા શરદ ઋતુનું કાવ્યમ ય વર્ણન કરેલ છે. આમ , અર્જુનનું ઈન્દ્રકીલ પર્વત પર ગમન થતાં બન્નેમાં ઉપરની ભિન્નતા જોવા મળે છે.

7. મહાભારતમાં અપ્સરાઓનું વર્ણન જોવા મળતું નથી. જ્યારે કિરાતાર્જુનીયમ્ માં અપ્સરાઓનું વિસ્તૃત વર્ણન જોવા મળે છે.

8. મહાભારતનાં કિરાતપર્વમાં યુધિષ્ઠિર દ્રૌપદી અને ભીમને પ્રથક્ -પૃથક્ ઉત્તર આપે છે. જ્યારે કિરાતાર્જુનીયમ્ માં એક સાથે ઉત્તર આપે છે.

9. મહાભારતમાં યક્ષનાં પાત્રનો ઉલ્લેખ નથી, અર્જુન એકલો જ પવનવેગે મંત્રબળથી ઈન્દ્રકીલ પર્વત પર પહોંચે છે.

   જ્યારે કિરાતાર્જુનીયમ્ માં ઈન્દ્રકીલ પર્વત પર પહોંચવામાં યક્ષ અર્જુનને મદદ કરતો બતાવાયો છે.

RRIJM 2015, All Rights Reserved

યક્ષની સહાયતાથી દ સ્યુંહનનવૃત્તાંત શિવપુરાણમાં છે.

10. મહાભારતમાં અર્જુનનાં તપ દરમિયાન સમયનો સ્પષ્ટ ઉલ્લેખ છે. જ્યારે કિરાતાર્જુનીયમમાં સ્પષ્ટ ઉલ્લેખ નથી.

11. મહાભારતમાં કિરાતશિવ પત્ની ઉમાસ હિત અનેક સ્ત્રીઓ અને વિભિન્ન વેશભૂષા ધરાવતાં સાથીઓ સાથે બતાવાયાં છે અને માત્ર એકલાં જ અર્જુન સાથે યુદ્ધ કરે છે.

કિરાતાર્જુનીયમ્ માં કિરાત શિવ માત્ર પોતાનાં ગણો સાથે પ્રવેશે છે તથા પહેલાં ગણો સાથે અર્જુન યુદ્ધ કરે છે, ત્યારબાદ કિરાત શિવ સાથે યુદ્ધ કરે છે.

12. કિરાતાર્જુનીયમ્ માં અર્જુનના તપની જડ અને ચેતન પ્રકૃતિ ઉપર થતી અસરનું વર્ણન કવિએ મૌલિક રીતે કર્યું છે. જ્યારે મહાભારતમાં આવું કોઇ વર્ણન જોવા મળતું નથી.

13. મહાભારતમાં અર્જુન અને કિરાતયુદ્ધમાં શિલાઓ, પથ્થરો, જેવા વાસ્તવિક લાગતા પદાર્થોનો પ્રયોગ થયો છે. જ્યારે કિરાતર્જુનીયમ્ માં નાગાસ્ત્ર, વરુણાસ્ત્ર, અગ્નિઅસ્ત્ર જેવા કાલ્પનિક શસ્ત્રોનો પ્રયોગ થયેલો જોઇ શકાય છે.

14. મહાભારતમાં લડાઈને અંતે અર્જુન મૂર્છિત થઈને પડે છે. ભાન આવતાં તે પોતાને જ જેનું કરી રહ્યો છે એવા શંકરને શરણે જઇ તેમની મૂર્તિને ફુલની માળા પહેરાવે છે, પણ તેજ માળાને સામે રહેલા કિરાતના ગળામાં જોઇને અર્જુનને અતિશય આનંદ થાય છે કારણ કે કિરાત સાક્ષાત્ શિવ જ છે.

કિરાતાર્જુનીયમ્ માં ભારવિએ સુંદરતાથી અને કાવ્યત્વ ઉમેરી એવું દર્શાવ્યું છે કે દ્વન્દયુદ્ધ વખતે આકાશમાં કુદેલા શિવના બન્ને પગને પૃથ્વી ઉપર પડતાં પહેલાં જ અર્જુન પોતાને બે હાથ વડે ઝીલી લે છે. બે પગને પકડ્યા એથી પ્રસન્ન થયેલ શિવ પોતાનું સ્વરૂપ પ્રગટ કરે છે.

15. મહાભારતમાં પાશુપતાસ્ત્ર અને દિવ્ય અસ્ત્રો મેળવ્યા બાદ અર્જુનને સ્વર્ગમાં લઇ જવાયો છે. ત્યાં સ્વર્ગનો પ્રવાસ વગેરેનું સુંદર વર્ણન કરવામાં આવેલ છે.

કિરાતાર્જુનીયમ્ માં ઉપર્યુક્ત અંશને રદ કરીને દિવ્ય અસ્ત્રો પ્રાપ્ત કરી અર્જુન સીધો યુધિષ્ઠિર અને કુટુંબ પાસે આવે છે એમ બતાવાયું છે.

RRIJM 2015, All Rights Reserved 